<u>**આં ક –૧ લગત હુ ક મ**</u>

**(૧)** આ કામે **એલ.એ.કયુ.કેસ નંબર : ૧૫/૧૯૮૯** ના કામે હાલનો રેફરન્સ કરવામાં આવેલ છે. જેમાં અરજદાર:–(૧) રાઘુજી ધનાજીની વિરમગામ તાલુકાના મોજે ગામ રતનપુરાના સર્વે નંબર/બ્લોક નં.૦૯ ક્ષેત્રફળ હે.આર.ચો.મી. ૦–૧૦–૬૨ જમીનની સંપાદનની રકમ અંગેની વળતર વધારાની માંગણી કરેલ છે, તથા અરજદાર:–(૨) કપુરબા ચેહરસંગ વતી ગંભીરસંગ હરીસંગની વિરમગામ તાલુકાના મોજે ગામ રતનપુરાના સર્વે નંબર/બ્લોક નં.૪૮/૨ ક્ષેત્રફળ હે.આર.ચો.મી. ૦–૦૦–૭૦ જમીનની સંપાદનની રકમ અંગેની વળતર વધારાની માંગણી કરેલ છે અને ચુકવવામાં આવેલ રકમનું વળતર ખુબ જ ઓછુ હોય હાલની જમીન સંપાદન અધિનિયમ ની કલમ–૧૮ મુજબની રેફરન્સ દાખલ કરવામાં આવેલ છે. તેમજ અરજદારોની રજુઆત છે કે, તેઓની જમીન ખેતીના ઉપયોગની પિયત જમીન છે અને તે સમતલ અને ફળદ્રુપ છે, તેમાં સિંચાઈની સગવડો છે તથા દર વર્ષે બે થી ત્રણ પાકો તેઓ મેળવે છે. તેમજ ૧/૩ ભાગ ખર્ચ બાદ કરતા સારી એવી આવક તેઓ મેળવતા હોય ચૂકવવામાં આવેલ વળતર ખુબ જ ઓછુ છે, વધુમાં તેઓની રજુઆત છે કે, આ જમીનની આજુબાજુ રહેણાંક ની સોસાયટીઓ, ગોડાઉનો, કારખાના, પ્રાથમીક શાળા, હાઈસ્કુલ, દુધ સહકારી મંડળી વિગેરે સગવડો આવેલી છે તેમજ તેમનું ગામ પાકા રસ્તાથી જોડાયેલુ છે તેમજ ત્યાં પાણીની સિંચાઈની , ટેલીફોન તેમજ વીજળી વિગેરે સગવડો છે. વળી, હાલમાં નાણાનાં મૂલ્યો ઘટી ગયેલ હોય ચૂકવવામાં આવેલ રકમ ખુબ જ ઓછી હોય વળતરની રકમ ઉપર ૩૦% સોલીસ્યમ તેમજ તેના ઉપર ૯% પ્રથમ વર્ષ માટે અને બાકીના વર્ષો માટે ૧૫% વ્યાજની રકમ ચૂકવવી જોઈએ તેમજ દર વર્ષે ભાવ વધારો ૧૨% લેખે ચૂકવવો જોઈએ, આમ

તે મુજબની માંગણી કરવામાં આવેલ છે.

(૨) આ કામે એલ.એ.આર. ૨૪૫/૨૦૦૧ તથા એલ.એ.આર. ૨૪૬/૨૦૦૧ સને ૧૯૯૬ ની સાલના ઘણા જુના કેસો છે. સદર કેસો દાખલ થયા બાદ આ કામે સામાવાળાઓ હાજર થયેલ હોઈ અને તેઓનો જવાબ આંક–૧૨ થી રજુ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ મુખ્યત્વે રજુઆત કરેલ છે કે,અરજદારોની રેફરન્સ અરજીની હકીકતો ખરી નથી તથા કાયદેસરની નથી તથા અરજદારોની માંગણીના સમર્થનમાં કોઈ આધાર પુરાવો રજુ કરવામાં આવેલ નથી. સદર અરજીઓ ફોલ્સ ફીવોલ્સ, વેકસેસીયસ અને માલાફોઈડ છે. તેથી અરજદારો વધુ વળતર મેળવવા હકકદાર નથી. જેથી અરજદારોની અરજી રદ્દ થવા પાત્ર છે તેમ જણાવેલ છે.

ત્યારબાદ સદર કામે આંક–૧૩થી મુદ્દા કાઢવામાં આવેલ છે. ત્યારબાદ સદર કેસ પુરાવા માટે રાખવામાં આવેલ છે.આંક–૧૪ની અરજી લગત L.A.R. NO.245/2001 તથા 246/2001ના કેસોને કોન્સોલીટેડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ત્યારબાદ સદર કામ પુરાવા માટે પેન્ડીંગ રહેલ છે. ત્યારબાદ સબબ કામ ઘણા સમયથી અરજદારો તરફે પુરાવા રજુ ના થતાં આ કામે વખતો વખત અરજદારને નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ છે. જેનોટીસ અરજદારને બજીને પરત ફરેલ છે તેમ છતા અરજદાર પોતે હાજર રહીને કોઈ પુરાવો આજદીન સુધી રજુ કરેલ નથી. આ કામે અરજદારને ૧૦૫થી વધુ મુદતો પુરાવા માટે આપવા છતા અરજદારને પુરતી તકો આપવા છતા આજદીન સુધી પુરાવો રજુ કરેલ નથી. આમ, હાલનો કેસ સને–૧૯૯૬ની સાલનો ખુબ જ જુનો કેસ છે, અને નામદાર ગુજરાત હાઈકોર્ટના તેમના નામદાર ડિસ્ટ્રીકટ કોર્ટના વખતો વખતના સુચનો તેમજ

માર્ગદર્શનો મુજબ સદર કેસ ટોપ પ્રાયોરીટીમાં ચલાવવાનો હુકમ કરેલ છે અને તે અંગેના સર્કયુલર પણ કરેલ છે. સદર કામે અરજદારને પુરતી તક આપવા છતાં પણ તેઓ હાજર થયેલ નથી અને તેઓએ તેમનો પુરાવો રજુ કરવા માટે કોઈ મુદત અરજી કે કોઈ રજુઆત કરેલ નથી. આ સંજોગોમાં અરજદારને સદર કામ આગળ ચલાવવામાં કોઈ રસ ના હોવાનું જણાઈ આવે છે. તેમજ સી.પી.સી.ની વિવિધ જોગવાઈઓ ધ્યાનમાં રાખતા અરજદારને સદર અરજી આગળ ચલાવવામાં કોઈ રસ ન હોય, હાલની અરજી ટકી શકે તેમ ના હોય આ કામે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>– : આખરી હુકમ : –</u>**

(૧) હાલની અરજી ચલાવવામાં અરજદારને કોઈ રસ ન હોઈ, સદર અરજી ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવામાં આવે છે.

(૨) આ કામે જમીન સંપાદન અધિકારીનો હુકમ કાયમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૦૯મી માહે. એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ વાંચી, સંભળાવી/ સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૦૯/૦૪/૨૦૨૬
સ્થળ:વિરમગામ

**(ધનંજય જગદીશચંદ્ર વ્યાસ)**
અધિક સીનીયર સીવીલ જજ,વિરમગામ
Judge Code-GJ 01263